**Central Moon Sighting Committee of Great Britain**

(Jamiatul Ulama Britain, Darul Uloom Bury, Hizbul Ulama UK)

Info@hizbululama.org.uk / www.hizbululama.org.uk

بسم الله الرّحمٰن الرّحيم

# ચાંદરાત જોવાવાળા ની ગવાહીની તપાસમાં ખગોળશાસ્ત્રીય સંબંધિત સવાલો બિનઈસ્લામી અને હરામ છે–મજલિસુલ ઉલમા સાઉથ આફ્રિકાનો ફતવો

**વહાલા વાંચક ભાઈ–બહેનો,** અસ્સલામુલ અલયકુમ વ. વ.

આ વાત જગજાહેર છે કે, દીનમાં ઈસ્લામી મહિનાની શરૂઆત અને તેના અંત માં ચાંદરાતની સાબિતી માટે ખગોળશાસ્ત્રીય હિસાબોને કોઈ લેવા–દેવા નથી. એટલા માટે ચાંદ જોવાયાની ગવાહીની શરઈ તપાસમાં ખગોળશાસ્ત્રીય હિસાબોને આધારિત સવાલો કરવા નાજાઈઝ અને હરામ છે, અને આવા સવાલોથી "શરઈ ગવાહી" હરગીઝ બાતિલ નહીં થાય અને ચાંદ સાબિત થઈ જશે. આ બાબતે ચાંદ કમિટી તરફથી મુફતી સાહેબને સવાલ પુછવામાં આવ્યો, નીચે ઈંગ્લીશ સવાલ અને જવાબનું ગુજરાતી ભાષાંતર રજુ કરવામાં આવ્યું છે.

**સવાલ :**

મોહતરમ મુફતી અબ્દુસ્સત્તાર દેસાઈ સાહેબ, અસ્સલામુ અલયકુમ વ. વ.

**સેન્ટ્રલ ચાંદ કમિટી ગ્રેટ બ્રિટન આપનાથી નેચીના સવાલો બાબત વધુ જાણવા માંગે છે.**

દીનમાં ચાંદરાત જોઈ શકવાનો મુમકીન વખત (શરઈ ઈમકાને રૂયત–શરીઅતથી શક્ય ચંદ્રદર્શન)શરીઅત લાવનાર આપણા નબી (સ.અ.વ.)ના હુકમ પ્રમાણે ૨૯મો દિવસ પૂરો થતાં સૂર્ય આથમતા છે.

પરંતુ અમુક લોકો નબી સાહેબ (સ.અ.વ.)ના મજકુર ઈસ્લામી કથન વિરુદ્ધ એના માટે "ખગોળશાસ્ત્રીય ઈમકાને રૂયત" હિસાબને શરત અને કસોટી માની "એનાથી બિનશરતીય શરઈ ઈમકાને રૂયત" (શરીઅતથી શક્ય ચંદ્રદર્શન)પ્રમાણે જોવાયેલ ચાંદની ગવાહીને રદ બાતલ માને છે.

આ જ પ્રમાણે તેઓ મજકુર ઈસ્લામી તરીકા મુજબના શરઈ ગવાહથી ખગોળશાસ્ત્રીય ગણતરી મુજબના સવાલો કરે છે, જેમકેઃ ગવાહને પૂછે છે કે તમે જે વખતે ચાંદ જોયો તે વખતે એનો આકાર કેવો હતો ? ઘડિયાળની ડાબી કે જમણી તરફ નો(☾) આ કે આ(☽)આકારના જેમ હતો? સૂર્ય અને ચાંદ એકબીજાથી કઈ તરફ હતા ? (જ્યારે કે સૂર્ય તો પહેલાં જ અથમાઈ ચૂક્યો હોય છે.)

આવી જ રીતે આ લોકો શરઈ ગવાહને એવું કહી રદ કરે છે કે ગવાહ જે વખતે ચાંદ જોયાનું કહે છે ત્યારેઅથવા સૂર્ય પહેલાંજ ખગોળશાસ્ત્રીય ગણતરી મુજબ ચાંદ અથમાઈ ગયો હતો.

જ્યારે કે હદીષ પ્રમાણે તો આપ સ.અ.વ.એ કે ખુલફાએ રાશીદીન અને સહાબા રિદ્વાનુલ્લાહ અલયહીમ અજમઈને ઉપર મુજબના ખગોળશાસ્ત્રીય આધારિત સવાલો ગવાહથી હરગીઝ નથી કર્યા.

ઉપર જણાવ્યા પ્રમાણેના અહેવાલ મુજબે નીચેના સવાલોના જવાબો આપવા મહેરબાન થશો.

(૧) શરીઅત પ્રમાણે "નવો ચાંદ દેખાવાનો શક્ય સમય" કયો છે ? શું "**શરઈ ચંદ્રદર્શન શક્ય સમય**" તે છે જે વિશે ઉપર મુજબ આપણા નબી સાહેબ (સ.અ.વ.)એ જણાવ્યું છે કે પછી "**ખગોળશાસ્ત્રીય શરતીય શક્ય ચંદ્રદર્શન સમય**" અને તેના આધારિત તેઓના ઈન્ટરનેટ નકશા પ્રમાણેનો સમય છે ?

(૨) શરીઅત પ્રમાણે શરઈ ગવાહથી ચાંદ જોવાયા બાબત તપાસના ખાસ શરઈ સવાલો કયા છે,જેનાથી ગવાહની તપાસ કરી શકાય ?

(૩) ખગોળશાસ્ત્રીય આધારિત સવાલો વિશે ઉપર જણાવ્યા મુજબના સવાલો શરઈ ગવાહને કરવા વિશે શરીઅતનો શું હુકમ છે ?

જવાબ આપવા મહેરબાની કરશો. અલ્લાહ તઆલા જઝાએ ખૈર આપે.

વસ્સલામ.

મૌલ્વી યાકૂબ અહમદ મિફતાહી
તા. ૧૦ રબિઊલ અવ્વલ ૧૪૩૨ હિજરી (મંગળવાર ૧૫ માર્ચ ૨૦૧૧)
હિઝબુલ ઉલમા યુ.કે. અને સેન્ટ્રલ ચાંદ કમિટી –બ્રિટન)

*જવાબ માટે પેજ નં. ૨ જુઓ*

# મજલિસુલ ઉલમા સાઉથ આફ્રિકા તરફથી મળેલ જવાબ

## મજલિસુલ ઉલમા સાઉથ આફ્રિકા

અસ્સલામુલ અલયકુમ વ. વ.

૧૨ રબિઉસ્સાની ૧૪૩૨ હિજરી (૧૭ માર્ચ ૨૦૧૧)

મૌલ્વી યાકૂબ અહમદ મિફતાહી (નાઝીમ : હિઝબુલ ઉલમા યુ.કે. અને સેન્ટ્રલ ચાંદ કમિટી –ગ્રેટ બ્રિટન)

મોહતરમ બિરાદર આપના તા. ૧૦ રબિઉસ્સાની ૧૪૩૨ હિજરી (૧૫ માર્ચ ૨૦૧૧)ના ઈ–મેઈલના જવાબમાં :

ઈસ્લામી મહિનાની શરૂઆત માટે બુનિયાદી ઉસૂલ નસ્સે કતઈ (હદીષ) મુજબ ચાંદરાતને (ખગોળશાસ્ત્રીય ગણતરીના આધાર વગર) આંખથી જોવા ઉપર છે. આ કાયદાને ન તો ખતમ કરી શકાય છે અને ન જ અક્કલથી ઘડી કાઢેલ સંશોધન કે પછી વેદ્યશાળાઓની ગણતરી કે પછી કોઈપણ થિયરીથી એને બાંધી શકાય છે !

**(૧) : પહેલાં સવાલ વિશે જણાવવાનું કે,**

**(અ) શરઈ ઈમકાને રૂયત** (શરઈ ચંદ્રદર્શનની શક્યતાનો સમય) માસના ૨૯મા દિવસના ખતમ થવા ઉપર છે. આ ઈમકાને રૂયત સમય રસૂલ સ.અ.વ.ની હદીષે પાકની શરઈ નસથી સાબિત છે. આ શરઈ ઈજમાઈ (સર્વસહમત) મસ્અલો છે, જેમાં રીસર્ચ કરી ફેરફાર કે તહરીફની વિચારણા પણ નથી કરી શકાતી ! પરંતુ હા ! તે લોકો જેઓ શરીઅતના આ ઉસૂલોથી અજાણ છે તેઓ જ શરીઅતના મજકુર ગૈર મુબદ્દલ (બદલી ના શકાય એવાગૈર મુઅવ્વલ) હુકમને ખોટો પુરવાર કરવાની કોશીશ કરે છે.

**(બ)** ખગોળશાસ્ત્રીઓ કે એમની વેદ્યશાળાઓ શરીઅતના હુકમ અને ઉસૂલ વિરુદ્ધ જે કંઈ કહે છે તે બાતિલ અને મરદુદ છે.

**(ક)** નુસૂસ (કુર્આન, હદીષ અને સુન્નત)થી સાબિત કતઈ (નક્કર) હુકમોમાં કયામત સુધી ફેરબદલી નહીં કરી શકાય અને હઝરત મૂસા (અલૈ.) તથા હઝરત ઈસા (અલૈ.)ને માનવાવાળા યહૂદીઓ તેમજ ખ્રીસ્તીઓએ તેમના ધર્મના હુકમોમાં જે અદલ–બદલ કર્યુંછે તે પ્રમાણેની તહરીફ ઈસ્લામી શરીઅતમાં ઈન્શાઅલ્લાહ ! કયામત સુધી નહીં થઈ શકે,કારણ કે, બાતિલ લોકો તરફથી દીનમાં ફેરબદલી કરવા વિરુદ્ધ એના બચાવ માટે અલ્લાહ તઆલા દરેક ઝમાનામાં"ઉલમાએ હક્ક"ને જાહેર ફરમાવતા રહેશે.

**(૨) બીજા સવાલ બાબત જણાવવાનું કે,**

ચાંદરાતના શરઈ ગવાહની તપાસ માટે દીનમાં કોઈ ખાસ સવાલો નથી. ફક્ત ગવાહનું આદિલ હોવું જરૂરી છે. **બાકી મજકુર બધા સવાલો ફુઝૂલ અને બેકાર છે** (જેની શરીઅતની રૂએ કોઈ ગણતરી નથી). ખરી રીતે આવા સવાલો શરઈ ઉસૂલ અને દીનની બુનિયાદોને કમજોર અને ખોખળી કરવાવાળા છે. ઈદના ચાંદમાં સાફ આસમાન વખતે જમ્મેગફીરની શહાદત જરૂરી છે.


**(૩) આપના ત્રીજા સવાલ બાબત જણાવવાનું કે,**

**(અ)** : શરીઅત પ્રમાણે ચાંદના ગવાહથી ખગોળશાસ્ત્રીય આધારિત સવાલો કરવા જેમકે પૂછવું કે, ચાંદ–સૂરજ તે વખતે કઈ ડીગ્રી આસમાનઉપર/જમીનની નીચે હતા ? ચાંદનો આકાર કેવો હતો ? શું તે સૂર્યથી ડાબે કે જમણી બાજુવાળા આકાળનો હતો ? (આ ◖ પ્રમાણે કે આ ◗ પ્રમાણે)વિગેરે સવાલો શરીઅતની રૂએ ફુઝૂલ અને બેકાર છે. આવા સવાલોની દીનમાં કોઈ ગણતરી નથી કે ન તો એમનો દીન સાથે કોઈ સંબંધ છે.

**(બ)** ચાંદના ગવાહથી ઉપર જણાવેલ ખગોળશાસ્ત્રીય આધારિત સવાલો કરવા હરામ છે.

વસ્સલામ (સહી) એ. એસ. દેશાઈ

**(મુફતી અબ્દુસ્સત્તાર દેશાઈ સાહેબ,** –હફીઝહુલ્લાહ **–મજલિસે ઉલમા સાઉથ આફ્રિકા)**



**Central Moon Sighting Committee of Great Britain**
Hizbul Ulama UK, Darul Uloom Bury, Jamiatul Ulama Britain,
74 C Upton Lane London E7 9LW
Phone No. 07866464040, 01707 652 6109, 07866 654471, 07957 205726
Website: www.hizbululama.org.uk E-mail : info@hizbululama.org.uk